# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 31-07-2026** **EVENING: 7.50 TO 8.00**

**Day:** FRIDAY **National News**

## આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

**************************************************

1) કેન્દ્રીય મંત્રીમંડળે પ્રધાનમંત્રી સૂર્ય સરોવર અને રાષ્ટ્રીય અપતટીય અન્વેષણ યોજનાને મંજૂરી આપી.

2) PM-KISAN યોજનાને 2030-31 સુધી ચાલુ રાખવા કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી.

3) NEET સહિત અનેક મુદ્દાઓ પર વિપક્ષના હોબાળા બાદ સંસદના બંને ગૃહની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત.

4) POJKના હજારો વિસ્થાપિત લોકોએ જમ્મુમાં પાકિસ્તાની સેનાના કથિત અત્યાચારો સામે વિરોધ પ્રદર્શન કર્યું.

5) બેડમિન્ટનમાં, ભારતની ઉન્નતિ હુડા અને તન્વી શર્મા તાઈપેઈ ઓપનની સેમિફાઇનલમાં પહોંચ્યા.

*************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV. CABINET- SAMUDRA MANTHAN

**કેન્દ્રીય મંત્રીમંડળે રાષ્ટ્રીય અપતટીય અન્વેષણ યોજના- સમુદ્ર મંથનને મંજૂરી આપી છે, જેના નાણાકીય વર્ષ 2030-31 સુધી અમલીકરણ માટે 84 હજાર 84 કરોડ રૂપિયાનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યા છે. નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, આ યોજનામાં અપતટીય અન્વેષણ મૂલ્ય શૃંખલામાં વ્યાપક હસ્તક્ષેપોનો સમાવેશ થાય છે.**

(બાઇટ : ASHWANI-VAISHNAV--SAMUDRA-MANTHAN)

*"समुद्र मंथन भारत में ऑयल एंड गैस के एक्सप्लोरेशन और प्रोडक्शन का प्रोग्राम है। 84,000 करोड़ रुपये का प्रोग्राम है। इसके दो कंपोनेंट हैं बड़े, तो पहला कंपोनेंट है ऑफशोर सीस्मिक डेटा एक्विजिशन, 28,000 करोड़ रुपये का ये प्रोग्राम है। दूसरा कंपोनेंट है एक्सीलरेटेड ऑफशोर एक्सप्लोरेशन स्कीम, ये 43,200 करोड़ रुपये का प्रोग्राम है।"*

# CABINET- PM- SSY

કેન્દ્રીય મંત્રીમંડળે ઉર્જા સંગ્રહ પ્રણાલીઓ સાથે તરતા સૌર ફોટોવોલ્ટેઇક પ્રોજેક્ટ્સના વિકાસ માટે પ્રધાનમંત્રી સૂર્ય સરોવર યોજના-PM-SSY ને મંજૂરી આપી. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે આ યોજનાને કુલ 5 હજાર 70 કરોડ રૂપિયાના ખર્ચે મંજૂરી અપાઈ છે. તેમણે કહ્યું કે, આ યોજનામાં પાંચ હજાર મેગાવોટના તરતા સોલર ફોટોવોલ્ટેઇક પ્રોજેક્ટ્સનો વિકાસ કરવાની કલ્પના કરાઇ છે. આ યોજનાનો સમયગાળો પાંચ વર્ષનો રહેશે.

(બાઇટ : ASHWINI-VAISHNAV-SURYA-SAROVAR)

प्रधानमंत्री सूर्य सरोवर योजना में जितने वॉटर बॉडीज़ हैं, डैम्स हो, लेक्स हो, कैनाल्स हों, उन सबका उपयोग करके जो सोलर पावर जनरेशन कैपेसिटी क्रिएट करना है, उसका अप्रूवल लिया गया है। 102 गिगावाट यानी 1 लाख मेगावाट की कैपेसिटी पोटेंशियल है भारत में।"

# CABINET- PM-KISAN

કેન્દ્રીય મંત્રીમંડળે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ-PM-KISAN યોજનાને 2026-27 થી 2030-31 સુધી ચાલુ રાખવાની મંજૂરી આપી છે. મીડિયાને સંબોધતા, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, પાંચ વર્ષના સમયગાળા દરમિયાન આ યોજના માટે કુલ 3 લાખ 15 હજાર કરોડ રૂપિયાના નાણાકીય ખર્ચને મંજૂરી આપવામાં આવી છે. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે, પીએમ-કિસાન યોજના દ્વારા, DBT સિસ્ટમથી પાત્ર ખેડૂત પરિવારોને સમયસર અને પારદર્શક આવક સહાય પૂરી પાડવામાં આવી રહી છે.

(બાઇટ : ASHWINI-VAISHNAV--FARMER-DBT)

*"पीएम किसान योजना को और आगे एक्सटेंशन दिया गया है। और इस प्रोग्राम में देश के किसानों को क्रॉप साइकिल के हिसाब से बेनिफिट दिया जाता है। साल में तीन बार ₹2000 इनकम सपोर्ट दिया जाता है, इसमें पिछले पांच वर्षों में क्यूमुलेटिव डिस्बर्समेंट अभी करीब करीब ₹310000 करोड़ का बेनिफिट किसानों के पास जा चुका है"*

# CABINET- KHELO INDIA

કેન્દ્રીય મંત્રીમંડળે 2026-27 થી 2030-31 ના સમયગાળા માટે 36 હજાર 441 કરોડ રૂપિયાના સંયુક્ત ખર્ચ સાથે ખેલો ઇન્ડિયા યોજના અને રાષ્ટ્રીય રમતગમત મહાસંઘો-ANSFને વધારાની સહાયને મંજૂરી આપી છે. નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, આ નિર્ણય યુવા વિકાસ અને રાષ્ટ્ર નિર્માણ માટે રમતગમતની શક્તિનો ઉપયોગ કરવાની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરે છે.

(બાઇટ : ASHVIN-VAISHNAV-ON-KHELO-INDIA)

*"कंप्लीट एक कॉम्प्रिहेंसिव व्यू लिया जाएगा, स्टेडियम हो, इंफ्रास्ट्रक्चर हो, ट्रेनिंग का प्रोग्राम हो, न्यूट्रिशन प्रोग्राम हो, मेंटोरशिप हो, उन सबके ऊपर एक बहुत केयरफुली क्राफ्टेड प्रोग्राम बनाया गया है। 29,000 करोड़ रुपये की ये स्कीम है 5 इयर्स के लिए और ये सीधा वीव इन करेगी ओलंपिक, पैरालंपिक और आगे कॉमनवेल्थ गेम्स को होस्ट करने वाले हैं 2030 में भारत में, उन सबके साथ ये वीव इन करेगी।"*

# LS-RS ADJOURNED

NEET મુદ્દેવિદ્યાર્થીઓના વિરોધ દરમિયાન કથિત પોલીસ કાર્યવાહી સહિત અનેક મુદ્દાઓ પર વિપક્ષનાહોબાળા બાદ સંસદના બંને ગૃહોને દિવસભર માટે સ્થગિત કરવામાં આવ્યા. જ્યારે પ્રથમમુલતવી પછી લોકસભાની બેઠક મળી, ત્યારે બપોરે 12 વાગ્યે,પ્રમુખ અધિકારી દિલીપ સૈકિયાએ જન્મ અને મૃત્યુની નોંધણી સુધારા વિધેયક,2026ને વિચારણા અને પસાર કરવા માટે હાથમાં લીધું. વિપક્ષના હોબાળાવચ્ચે ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે વિધેયક આગળ વધાર્યું. ગૃહમાં હોબાળા વચ્ચે વિધેયકકોઈપણ ચર્ચા વિના પસાર થઈ ગયું હતું. દરમિયાન, સંસદીયબાબતોના પ્રધાન કિરેન રિજિજુએ ચર્ચામાં ભાગ ન લેવા બદલ વિપક્ષની ટીકા કરી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# LS-JAISHANKAR

વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકરે કહ્યું કે ભારતે આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષાને મજબૂત બનાવવામાં સંયુક્ત રાષ્ટ્રને સતત ટેકો આપ્યો છે. આજે લોકસભામાં એક લેખિત જવાબમાં ડૉ. જયશંકરે કહ્યું કે, આ ટેકો વિવિધ રીતે વ્યક્ત કરવામાં આવ્યો છે, જેમાં યુએન શાંતિ રક્ષા કામગીરીમાં તેના અનન્ય યોગદાનનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે, આ યોગદાન આઠ વખત યુએન સુરક્ષા પરિષદના ભારતના સભ્યપદમાં પણ પ્રતિબિંબિત થાય છે. મંત્રીએ કહ્યું કે, દરેક કાર્યકાળમાં ભારતીય હિતના મુદ્દાઓને આંતરરાષ્ટ્રીય કાર્યસૂચિ પર મુકાયા છે, જેમાં સૌથી તાજેતરનો 2021-22નો કાર્યકાળ છે, જેમાં દરિયાઈ સુરક્ષા અને આતંકવાદ વિરોધી મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

# PREZ-INNOVATORS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવનમાં અટલ ઇનોવેશન મિશનના પાયાના ઇનોવેટર્સ સાથે વાતચીત કર. બેઠક દરમિયાન, રાષ્ટ્રપતિએ ભાર મૂક્યો કે પાયાની નવીનતાઓ સમાજની જરૂરિયાતોને અનુરૂપ છે, કારણ કે તે સ્થાનિક અનુભવ, વૈજ્ઞાનિક વિચારસરણી અને વ્યક્તિગત સર્જનાત્મકતાને સામાજિક જવાબદારીની ભાવના સાથે જોડે છે. રાષ્ટ્રપતિ મુર્મુએ વ્યક્તિઓ, પરિવારો અને સમુદાયોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે પડકારો હોવા છતાં દ્રઢતા સાથે કામ કરવા બદલ ઇનોવેટર્સના પ્રયાસોની પણ પ્રશંસા કરી.

# RBI INTEREST RATES

ભારતીય રિઝર્વ બેંકે બલ્ક ડિપોઝિટ માટેના વ્યાજ દરો અંગે સુધારેલી માર્ગદર્શિકા જારી કરી છે. એક સત્તાવાર સૂચના અનુસાર, બેંકોએ બલ્ક ડિપોઝિટ સહિત તમામ ડિપોઝિટ માટેના વ્યાજ દરો તેમની વેબસાઇટ પર અગાઉથી સ્પષ્ટપણે દર્શાવવા પડશે. તેમણે આ પ્રકાશિત દરો અનુસાર જ વ્યાજ ચૂકવવાનું રહેશે. બેંકો માટે દરેક કાર્યકારી દિવસે 10 મિનિટના ગ્રેસ સમય સાથે સવારે 10 વાગ્યે બેંકની વેબસાઇટ પર બલ્ક ડિપોઝિટ પર ચૂકવવાપાત્ર વ્યાજ દરો પ્રકાશિત કરવા ફરજિયાત રહેશે. આ એ પણ સુનિશ્ચિત કરશે કે બેંકો ગ્રાહકો દ્વારા એક જ દિવસે જમા કરાયેલ સમાન રકમ માટે ભેદભાવ વિના, બધી શાખાઓમાં સમાન વ્યાજ દરો ઓફર કરે છે.

# TAHIR HUSSAIN LIFE IMPRISONMENT

દિલ્હીની એક અદાલતે આજે 2020ના દિલ્હી રમખાણો દરમિયાન ઇન્ટેલિજન્સ બ્યુરો-IB અધિકારી અંકિત શર્માની હત્યાના કેસમાં આમઆદમી પાર્ટીના ભૂતપૂર્વ કાઉન્સિલર તાહિર હુસૈન અને અન્ય ચાર લોકોને આજીવન કેદની સજા ફરમાવી છે. એડિશનલ સેશન્સ જજ પ્રવીણ સિંહે ક્વોન્ટમ પર દલીલો સાંભળ્યા બાદ પાંચેય આરોપીઓને સજા સંભળાવી હતી. અદાલતે આ ગુનાને ખૂબ જ ગંભીર ઘટના ગણાવી હતી.

આ મહિનાની 13મી તારીખે, અદાલતે હુસૈન અને અન્ય ચાર લોકોને અંકિત શર્માની હત્યા માટે દોષિત ઠેરવ્યા હતા.

# PoJK PROTESTS IN J&K

પાકિસ્તાનના કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીર- PoJKના હજારો વિસ્થાપિત લોકોએ આજે જમ્મુમાં પાકિસ્તાની સેનાના કથિત અત્યાચારો સામે વિરોધ પ્રદર્શન કર્યું. તેઓ કેન્દ્ર સરકારને તેની મુક્તિ માટે કામ કરવા વિનંતી કરી રહ્યા હતા. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, આ વિરોધ પ્રદર્શન સેવ અવર સોલ્સ-SOS ઇન્ટરનેશનલ દ્વારા આયોજિત કરાયું હતું, જે PoJK ના વિસ્થાપિત પરિવારોનું પ્રતિનિધિત્વ કરે છે.

પ્રદર્શનકારીઓએ પ્લેકાર્ડ લઈને પાકિસ્તાન અને તેના લશ્કરી નેતૃત્વ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા અને PoJK ને ભારત સાથે જોડવાની માંગ કરી હતી. SOS ઇન્ટરનેશનલના ચેરમેન રાજીવ ચુનીએ આરોપ લગાવ્યો હતો કે પાકિસ્તાન આ પ્રદેશના લોકો પર દમન અને શોષણ કરી રહ્યું છે અને કેન્દ્રને તેમના હેતુને સમર્થન આપવા વિનંતી કરી હતી.

# MEA PAKISTAN

ભારતે આજે કહ્યું કે, પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીર, PoJK માં કહેવાતી ચૂંટણીઓ પાકિસ્તાની સ્થાપનાનો અપમાનજનક અસ્વીકાર છે. આજે બપોરે નવી દિલ્હીમાં મીડિયાને સંક્ષિપ્તમાં જણાવતા, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, પાકિસ્તાની સ્થાપના PoJK માં શાંતિપ્રિય નાગરિકો સામે ક્રૂર બળનો ઉપયોગ કરવાનું ચાલુ રાખે છે. તેમણે કહ્યું કે કાર્યવાહીમાં 40 થી વધુ નાગરિકોના દુઃખદ મૃત્યુ થયા છે અને ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

# TAIPEI OPEN BADMINTON

બેડમિન્ટનમાં, ભારતની ઉન્નતિ હુડા અને તન્વી શર્મા આજે તાઈપેઈ ઓપનના મહિલા સિંગલ્સ સેમિફાઇનલમાં પહોંચ્યા. તેઓએ ક્વાર્ટર ફાઇનલમાં પ્રભાવશાળી વિજય મેળવ્યો હતો. ઉન્નતિએ દેવિકા સિહાગને 23-21, 21-16 થી સીધી રમતમાં હરાવીને અંતિમ ચારમાં સ્થાન મેળવ્યું હતું. બીજી તરફ, તન્વીએ ત્રણ રમતની સ્પર્ધામાં થાઇલેન્ડની સુપાનિદા કાટેથોંગને 21-15, 18-21, 21-14 થી હરાવી હતી.

# COMMONWEALTH

ભારતીય મુક્કેબાજ પ્રીતિ પવાર અને અંકુશ પંઘાલ કોમનવેલ્થ ગેમ્સ 2026માં પોતપોતાના મુકાબલાના ફાઇનલમાં પહોંચી ગયા છે. પ્રીતિએ આજે ગ્લાસગોમાં ઝામ્બિયાની કેથરિન મ્વાપે સામે 5-0થી વિજય મેળવીને મહિલા 54 કિલોગ્રામ વર્ગની ફાઇનલમાં પ્રવેશ કર્યો. પુરુષોની 80 કિલોગ્રામ સેમિફાઇનલમાં અંકુશ પંઘાલે કેનેડાના જોશુઆ ઓફોરી સામે 5-0થી વિજય મેળવ્યો.

# ISRAEL - HEZBOLLAH

ઇઝરાયલ ડિફેન્સ ફોર્સિસ-IDF એ જણાવ્યું હતું કે તેણે દક્ષિણ લેબનોનમાં બ્યુફોર્ટ રિજ નીચે અનેક ભૂગર્ભ ટનલ તોડી પાડી છે. સોશિયલ મીડિયા પર આ ઓપરેશનનો એક વીડિયો શેર કરતા, IDF એ દાવો કર્યો હતો કે ટનલ નેટવર્ક એક સેન્ટ્રલ કમાન્ડ સેન્ટર તરીકે કામ કરતું હતું જ્યાંથી સશસ્ત્ર જૂથ હિઝબુલ્લાહ ઇઝરાયલી સૈનિકો અને નાગરિકો પર હુમલાઓનું નિર્દેશન કરતું હતું. એક અલગ પોસ્ટમાં, IDF એ જણાવ્યું હતું કે, તેના સૈનિકોએ મજદલ ઝૌન વિસ્તારમાં હિઝબુલ્લાહ દ્વારા ઉપયોગમાં લેવાતા કથિત માળખાં પણ તોડી પાડ્યા હતા.